| | | | | |
|---|---|---|---|---|
| सत्यमेव जयते | દાખલ તારીખ | ૦૩/૦૧/૨૦૨૬ | | |
| | રજુ તારીખ | ૦૩/૦૧/૨૦૨૬ | | |
| | ફેસલ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૨ | ૦૩ |

**<u>સુરેન્દ્રનગરનાં મહે. એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.સુરેન્દ્રનગર.</u>**

**ફોજદારી કેસ નંબર : ૩૪/૨૦૨૬**

**આંક :**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :–** વિશ્વરાજસિંહ સહદેવસિંહ ઝાલા,
રહે.સુરેન્દ્રનગર રણજીતનગર વાલમપાર્ક,
સોસાયટી પાસે, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર.

**<u>ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ.</u>**

---

**ફરીયાદી તરફે :: વિ.એ.પી.પી.શ્રી એન.એ.જેથરા**

**આરોપી તરફે :: વિ.વ.શ્રી કે.વી.શુકલ**

---

**<u>–//જજમેન્ટ//–</u>**

**<u>ફરીયાદપક્ષની ટુંકી વિગત :–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગેર કાયદેસર પાસ પરમીટ વગર પોતાના કબ્જામા દેશીદારૂ લીટર–૦૨ (બે), કિં.રૂ.૪૦૦/– નો રાખી રેઈડ દરમ્યાન હાજર મળી

આવી પ્રોહી. એકટ કલમ–૬૫(એ)(એ) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ હોવા અંગેની ફરીયાદ ફરીયાદીએ આપતા સદર ફરીયાદ સુરેન્દ્રનગર સીટી બી ડીવીઝન પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૧૧૨૧૧૦૫૬૨૫૦૯૧૦/૨૦૨૫ થી ગુનો નોંધેલ અને તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા હાલનુ ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) ચાર્જશીટ નામદાર અદાલતમાં રજુ થતા, આ કામના આરોપીને અત્રેની કોર્ટ ધ્વારા પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે આરોપીને આપવામાં આવેલ ત્યારબાદ, આંક–૦૩ થી તહોમતનામુ ફરમાવી વાંચી સંભળાવી અને આંક–૦૪ થી આરોપીનુ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમા તેમણે ગુન્હો કબુલ નહી હોવાનુ નિવેદન આપતા આ કામનાં આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.

(૩) આ કામે આરોપી સામે તહોમત સાબિત કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | આંક | સાક્ષીઓના નામ. | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૦૬ | રાજેશભાઇ બાબુલાલ શાહની જુબાની | પંચ |
| ૨ | ૦૮ | દિલાવરભાઇ હનુભાઇ નાગોરીની જુબાની | પંચ |
| ૩ | ૧૧ | ધવલભાઇ મહેશભાઇ પટેલની જુબાની | ફરીયાદી |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | પંચનામું |
| ૨ | ૧૨ | ફરીયાદ |

**(૪)** આ કામે ઉપરોકત તમામ પુરાવાઓ ધ્યાને લેતા ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ સમગ્ર પુરાવો જોતા આરોપીનું બી.એન.એસ.એસ. કલમ–૩૫૧ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય, નોંધવામાં આવેલ નથી.

**(૫)** હાલના કેસમા ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિ, હકિકતો તથા બંને પક્ષકારો તરફથી રજુ કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતાં કેસનો ન્યાયિક નિર્ણય કરવા માટે મારી સમક્ષ નિચે મુજબનાં મુદ્ધાઓ ઉપસ્થિત થાય છે.

**–//મુદા//–**

**૧.** શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગેર કાયદેસર પાસ પરમીટ વગર પોતાના કબ્જામા દેશીદારૂ લીટર–૦૨ (બે), કિં.રૂ.૪૦૦/– નો રાખી રેઈડ દરમ્યાન હાજર મળી આવી પ્રોહી. એકટ કલમ–૬૫(એ)(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદાના મારા નિર્ણયો નીચે પ્રમાણે છે.

**૧.** નકારમા

**૨.** આખરી હુકમ મુજબ

ઉપરોકત મુદાઓના મારા નિર્ણય માટેના કારણો નીચે મુજબ આપેલા છે.

**–:: નિર્ણયો અંગેના કારણો ::–**

**મુદા નં.૧ ::–**

**(૭)** હવે ઉપરોકત તત્વોની સાબીતી માટે ફરીયાદપક્ષે રજુ પુરાવાની ચર્ચા અને મુલ્યાંકન નીચે મુજબ છે.

(૭.૧) આ કામે ફરીયાદપક્ષ તરફે આંક–૦૬ તથા આંક–૦૮ થી પંચને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં આંક–૦૭ થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. તે સિવાય પંચનામાની કોઈપણ વિગત અંગે કંઈપણ હકીકત જણાવતા નથી. તેઓ બંનેનો પુરાવો સંયુકત રીતે વાંચતા અને તપાસતા એવુ ફલીત થાય છે કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી કરાવેલી.

સદરહુ પંચો પોતાની જુબાનીમાં સહી સિવાય પંચનામાની કે ગુનાની વિગત અંગે કંઈપણ બાબત જણાવતા નથી, તેથી આ કામે પંચો ફરી ગયેલ છે વધુમાં પંચોને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતી હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી.

(૭.૨) ફરીયાદપક્ષે આંક–૧૧ થી ફરીયાદી ધવલભાઈ મહેશભાઈ પટેલને તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની સરતપાસમા ફરીયાદને અનુરૂપ જુબાની આપે છે. વધુમા તેઓ આંક–૧૨ થી રજુ ફરીયાદમાં તેઓની સહી ઓળખી બતાવે છે.

બચાવપક્ષની ઉલટ તપાસમા તેઓ એ હકીકતો કબુલે છે કે, કહેવાતો બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે જ્યાં ઘણાબધા રહેણાકના મકાનો આવેલા છે અને ત્યાં માણસો તથા વાહનોની સતત અવરજવર ચાલું હોય છે. મે મારી ફરિયાદમાં અમો ક્યા વાહનમાં પેટ્રોલીંગમાં હતા આવા કોઈ વાહનનો નંબર કે વર્ણન ફરિયાદમાં લખાવેલ નથી. મારી ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નથી.

## (૮) <u>ફરીયાદ તથા પુરાવાનું મુલ્યાકન :–</u>

- આમ ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામા આવેલ ઉપરોકત પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, હાલના દારૂના કબ્જાના કેસમાં ફરીયાદપક્ષે પંચનામું એક અગત્યનો દસ્તાવેજ છે પરંતુ આ કામના

મહત્વના સાહેદ પંચ કે જેઓએ પંચનામુ લખાવેલ નથી પરંતુ પોલીસે તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા સહી કરેલ હોવાનું જણાય છે. વધુમાં આ પંચ સાહેદના પુરાવામાં પંચનામું કયારે શરુ કર્યું, કયારે પુરૂ કરેલ તેમજ મુદામાલ કબ્જે કર્યાની વિગતો પણ જુબાનીમાં જણાય આવતી નથી. આમ આ કામના મહત્વના સાહેદ પંચ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય તેમની પંચનામાની હકીકતો સાબીત થતી નથી. આ કામે ફરીયાદની હકીકત જોતા બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે. જે માણસોની અવર જવર વાળો વિસ્તાર હોવા છતા ફરીયાદપક્ષ દ્વારા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી કે સ્વતંત્ર સાહેદને સાક્ષી તરીકે તપાસવામાં આવેલ નથી.

- તપાસેલ પોલીસ સાહેદની જુબાની દ્વારા ફરિયાદની હકિકતને સમર્થન કરે તે સ્વાભાવિક છે પરંતુ આ કામે ફરિયાદપક્ષ તરફથી અન્ય કોઈ પુરાવો રજુ કરેલ નથી ત્યારે **સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ સુરેશભાઈ એસ. પટેલ (૨૦૧૧) ૨૬ જી.એચ.જે.(૧)** માં નામદાર ગુજરાત હાઇકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાને લેતાં જ્યારે પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન ન કરતા હોય, ત્યારે પોલીસ ફરિયાદી તથા તપાસકર્તા અધિકારીના પુરાવા પર માત્ર આધાર રાખવો એ સલાહભર્યું ગણાય નહિ. વધુમાં તપાસવામાં આવેલ પંચની જુબાની ધ્યાને લેતાં તેઓએ આવી કોઈ પ્રોહીબીશન અંગેની કાર્યવાહીમાં ભાગ લીધેલ હોય કે આવા કોઈ આરોપીની પોતાની હાજરીમાં પ્રોહીબીશનનો મુદામાલ કબજે કરેલ હોય કે આરોપીની અટક કરેલ હોવાનુ જણાવેલ નથી. સમગ્ર હકીકત ધ્યાને લેતાં ફરિયાદપક્ષ પંચનામાને સાબિત કરી શકેલ નથી.
- આ કામે જોવા જઈએ તો, પંચનામાની હકીકતો પંચ સાહેદના મૌખિક પુરાવાથી પુરવાર થવી જોઈએ. આ કામે પુરાવો વંચાણે લેતા પંચ સાહેદે પંચનામામાં જણાવેલ હકીકતોને સ્પષ્ટપણે સમર્થન આપેલ નથી. પંચનામુ સાબિત થતું નથી. આ કામે ફરીયાદી પોલીસ માણસ

છે અને ફરીયાદી ફરીયાદપક્ષે હિત ધરાવનાર સાહેદ છે. આ સંજોગોમા પોલીસ સાહેદ સોંગદ પરના પુરાવાને સ્વતંત્ર સાહેદના સોંગદ ઉપરના પુરાવા રજુ થઈ સમર્થન મળવુ જરૂરી બને છે. બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર હોવા છતા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. કબ્જે લેવાયેલ મુદામાલ દેશી દારૂ હોય તે અંગે કોઈ એફ.એસ.એલ.નો રીપોર્ટ રજુ નથી. આમ ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા લક્ષમા લેતા આ કામના પંચ સાહેદ તેમની જુબાની દરમિયાન પંચનામાની હકીકતને સમર્થન મળે તેવી કોઈ હકીકત તેમની સમગ્ર જુબાની દરમિયાન જણાવેલ નથી. તેમની હાજરીમા કહેવાતો મુદામાલ દેશી દારૂ કબ્જે લેવામા આવેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન આપેલ નથી. સમગ્ર હકીકત અને રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપી પાસેથી ગુજરાત પ્રોહિબીસન એક્ટની જોગવાઈ મુજબનો કોઈપણ પ્રતિબંધિત પદાર્થ કે પાસ પરમીટ વગરનો દારૂ મળી આવેલ હોય તેમ શંકાથી પર સાબિત થતુ નથી.

(૯) વધુમાં ક્રિમીનલ જયુરીશ્પ્રુડન્સના પાયાના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવાનો હોય છે અને આરોપી પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા હોય ત્યાં તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે. તેથી ઉપરોકત કરેલ ચર્ચા અને કારણોસર ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ, જેથી મુદ્દા નં. ૧ નો જવાબ **"નકાર"**માં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

૧) આ કામના આરોપી વિશ્વરાજસિંહ સહદેવસિંહ ઝાલા, રહે.સુરેન્દ્રનગર રણજીતનગર વાલમપાર્ક, સોસાયટી પાસે, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર વાળાને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૧(૧) અન્વયે તેની સામેના ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-

૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) અપીલ સમય વિત્યા બાદ દેશી દારૂનો નાશ કરવો.

૩) હાલના આરોપીએ અગાઉ આપેલ જામીન બી.એન.એસ.એસ.ની કલક–૪૮૧ અન્વયે અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુમક કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૦૬, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યા.

તા.૦૬/૦૩/૨૦૨૬ (પાર્થ મહાવીંરસિંહ ઝાલા)
સુરેન્દ્રનગર. એડી.જ્યુડી.મેજી.ફ.ક.
સુરેન્દ્રનગર.
(સ્ટેનો:દર્શન એ. દેસાણી) જીજે.૦૧૭૪૦